# વિદ્યાર્થીનીઓ સામાજિક દૂષણોનો ભોગ ન બને તે હેતુથી આણંદપોલીસ સ્ટેશન દ્વારા MBICT મહિલા એન્જીનીઅરીંગ કોલેજમાં સેમિનાર યોજાયો.

Date: 9th August 2018

Time: 2:00 – 4:00 pm

વર્તમાન સમયમાં આધુનિકતાના નામે વધતા જતા દૂષણોથી આજની યુવા પેઢી તેનો ભોગ ન બને તે હેતુથી ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત MBICT મહિલા એન્જીનીઅરીંગ કોલેજના NSS યુનિટ તથા આણંદપોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે એક સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં આણંદ જિલ્લાના DySP માનનીય સુશ્રી કોમલ વ્યાસ દ્વારા વિવિધ પ્રકારના નશાઓથી આજનું યુવાધન ગેરમાર્ગે દોરાઈ રહ્યું છે , જે સમાજ અને દેશ માટે ખુબજ ચિંતાજનક છે તેમ જણાવ્યું હતું. આજની નારી સ્ત્રીસશક્તીકરણ તરફ હરણફાળ ભરી રહી છે ત્યારે કોલેજની વિદ્યાર્થીનીઓ આ દુષણોનો ભોગ ન બને અને પોતાના લક્ષ્ય તરફ એકાગ્રતા ધરી કારકિર્દી ઘડી શકે તે માટે વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીનીઓને સતર્ક કરી હતી. આધુનિકતા ના નામે લોકો સોશિઅલ મીડિયા પર રોજબરોજ પોતાના ફોટોગ્રાફ તથા નિજી માહિતી મૂકતા હોય છે , જે તેમને ભવિષ્યમાં કેવી રીતે નુકશાનકારક બની શકે છે તે વિષે ચર્ચા કરી, આ બાબતોની યોગ્ય તકેદારી રાખવા જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતુંકે તણાવમુક્ત જીવન મેળવવાના નામે લોકો વિવિધ પ્રકારના ડ્રગસનું સેવન કરતા અને કરાવતા હોય છે, આવા લોકોને તેમણે આતંકવાદી તરીકે ગણાવ્યા હતા, જે દેશના યુવાધનનો ભયંકર રીતે નાશ કરે છે. સમાજમાં વધેલા દૂષણોથી બચવા માટે યુવતીઓને પોતાના વસ્ત્ર પરિધાનથી લઈને તેમની સમગ્ર રહેણીકરણી અંગે સજાગ કર્યા હતા. કોઈપણ વિકટ પરિસ્થિતિના પરિણામરૂપ તેમની કારકિર્દી પર દાગ ન લાગે તે માટે વિવિધ કલમો અને તેના દંડ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. વલ્લભ વિદ્યાનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટરશ્રી ધવલભાઈ સિમ્પીએ પણ વિદ્યાર્થીનીઓ કોઈ પણ ચક્રવ્યૂહનો ભોગ ન બને તે વિષે મુક્તપણે ચર્ચા કરી અને પોતાની સલામતીની તકેદારી કેવી રીતે રાખવી તે વિષે યોગ્ય સમજ આપી હતી. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન NSS ના પ્રોગ્રામ ઓફિસર ડો. દર્શના પ્રજાપતિ તથા પ્રો. લીના કવાને દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ભાવેશ રાજપરાએ આભારવિધિ કરી હતી.


Madhuben & Bhanubhai Patel
Women's Institute of Engineering
for Studies & Research in Computer & Communication Technology
A Charutar Vidyamadal Institution, New Vallabh Vidyanagar.
MBICT
Affiliated to
GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
National Service
Scheme






Madhuben & Bhanubhai Patel
Women's Institute of Engineering
for Studies & Research in Computer & Communication Technology
A Charutar Vidyamadal Institution, New Vallabh Vidyanagar.
MBICT
Affiliated to
GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
National Service
Scheme
N.S.S.

